

ભાજપનું ચિંતન - ભારતીય જનતા પાર્ટીના વડામથક કમલમ્ ખાતે મુખ્યમંત્રી અને પ્રદેશપ્રમુખના સાનિધ્યમાં પ્રદેશના આગેવાનોની ચિંતન બેઠક યોજાઈ હતી... જેમાં આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ માટે રણનિતી અને વ્યવસ્થાપન પર વિસ્તૃત ચર્ચા કરાઈ હતી....

# સ્થાનિક સ્વરાજની ચૂંટણીને પગલે ભાજપની તૈયારી શરૂ

**પેટાચૂંટણીમાં જીત મળી તે રીતે જ સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં જીતના લક્ષ્યાંકની સાથે રણનીતિ ઘડાઈ : ચિંતન બેઠકમાં ભાજપ પ્રમુખ પાટિલ**

ગાંધીનગર, તા.૧૩

પ્રદેશ કાર્યાલય કમલમ પર મળેલી ૨ દિવસીય બેઠકમાં આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટનીઓ માટેનું મંથન થયું. જેમાં ૮ વિધાનસભા બેઠકોની પેટા ચૂંટણીમાં મળેલી ભવ્ય જીતને પાયામાં રાખીને રણનીતિ ઘડવામાં આવી. ૮ વિધાનસભાની પેટા ચૂંટણીમાં જે રીતે બેઠક દીઠ પ્રભારી-સહ પ્રભારી નિયુક્ત કર્યા હતા તે જ રીતે સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ માટે સંગઠન અને સરકારમાંથી ૧-૧ પ્રભારીની જિલ્લા દીઠ નિયુક્તિઓ કરવામાં આવી છે.

ચિંતન બેઠક બાદ ભાજપ પ્રમુખ સી આર પાટીલે કહ્યું કે જે રીતે ૮ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણીમાં જીત મળી તે જ રીતે આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં જીતના લક્ષ્યાંક સાથે રણનીતિ ઘડવામાં આવી છે. જિલ્લા દીઠ ચૂંટણી નિરીક્ષકોની નિયુક્તિઓ સાથે જ પેજ પ્રમુખ અને સમિતિઓ પર પણ ભાર મૂકવામાં આવશે. જે મુદ્દાઓના આધારે પેટાચૂંટણીઓમાં જીત મળી તે જ મુદ્દાઓ પર કામ કરાશે તો સાથે જ જે પ્રશ્નો, સમસ્યાઓ પેટા ચૂંટણી માં સામે આવી હતી તે અંગે પણ ચિંતન બેઠકમાં મંથન થયું. ભાજપ સંગઠનમાં કાર્યકરોને ધ્યાને રાખીને ચૂંટણી લક્ષી રણનીતિ ઘડવામાં આવતી હોય છે.

સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં પણ સરકાર અને સંગઠનમાંથી ૧-૧ નેતાને જિલ્લાની જવાબદારી સોંપીને માઈક્રો મેનેજમેન્ટ કરવામાં આવ્યું છે. આગામી દિવસોમાં આ તમામ નિરીક્ષકો જિલ્લાઓની મુલાકાત લેશે અને દર સપ્તાહે પ્રદેશ કાર્યાલય પર આ અંગેની સમીક્ષા બેઠક પણ મળશે. જેમાં જે તે જિલ્લાના સ્થાનિક સમીકરણો અને પ્રશ્નો પર ચર્ચા થશે. તમામ જિલ્લા નિરીક્ષકોની ઉપર મુખ્ય ચૂંટણી ઈન્ચાર્જ તરીકે પ્રદેશ ઉપાધ્યક્ષ આઈ કે જાડેજાને જવાબદારી આપવામાં આવી છે. જ્યારે તેમની સાથે પ્રદેશ ઉપાધ્યક્ષ ભાર્ગવ ભટ્ટ અને મહેશ કસવાલા સહ ઈન્ચાર્જ રહેશે.

# જિલ્લામાં કોરોનાના નવા ૫૦ કેસ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં આજે કોરોનાના ૫૦ નવા કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાંથી ૩૩ કેસ અને ગાંધીનગર શહેરમાંથી ૧૭ કેસ નોંધાયા છે.

જિલ્લામાં કોરોનાના કેસોની સંખ્યામાં સતત ચડાવ-ઉતારની સ્થિતિ રહેતી હોવાથી તંત્રની ચિંતા વધી છે. જિલ્લામાં દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કરી રહ્યા હોવાથી તંત્રની કામગીરી પણ વધી જવા પામી છે.

મોટીવયના લોકો અને મહિલા દર્દીઓની સંખ્યા જે રીતે વધી રહી છે તેથી પણ તંત્રની ચિંતા વધવા લાગી છે. આજે કલોલ તાલુકાના બોરીસણા ગામેથી ૮ વર્ષની દિકરીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. બાળકો પણ સંક્રમણમાં સપડાઈ રહ્યા હોવાથી પણ તંત્રની ચિંતામાં વધારો થયો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે ૩૩ કેસ નોંધાયા છે તેમાં ગાંધીનગર તાલુકામાંથી ૧૫, દહેગામમાંથી ૫, માણસામાંથી ૭ અને કલોલમાંથી ૬ કેસ મળી આવેલ છે. જિલ્લામાં આજે નોંધાયેલા ૩૩ કેસમાંથી ૭ દર્દીને સઘન સારવાર જરૂરી જણાતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

ગાંધીનગર તાલુકાના પેથાપુર ગામેથી એક જ દિવસમાં ૪ કેસ નોંધાયા છે. આ ઉપરાંત મગોડીલાટ ગામેથી બે કેસ નોંધાયા છે. આ ઉપરાંત ડભોડા, લવારપુર, મોટા ચિલોડા, રાંધેજા, બીએસએફ આલમપુર, મિલીટ્રી સ્ટેશન આલમપુર, પીંપળજ, ઉનાવાથી પણ કેસો મળી આવ્યા છે.

**પેથાપુરમાંથી ૪ સહિત ગાંધીનગર તાલુકામાં ૧૫, દહેગામમાં ૫, માણસામાં ૭, કલોલમાં ૬ કેસ નોંધાયા : સે. ૩ માંથી ૪ સહિત શહેરમાં વધુ ૧૭ કેસ નોંધાયા : ગ્રામ્ય વિસ્તારમાં ૩૩ કેસ નોંધાયા**

દહેગામ તાલુકામાં બારીયા, શીયાવાડા, ચીસકારી, વાસણાચૌધરી તેમજ અર્બન વિસ્તારમાંથી કેસો મળી આવ્યા છે.

માણસા તાલુકામાં આજે સતત બીજે દિવસે પણ સાત કેસ મળી આવ્યા છે. માણસા તાલુકામાં જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેને લઈ તંત્રની ચિંતામાં વધારો થયો છે.

માણસા તાલુકાના આજોલ, ધમેડા, પુંધરા, ચડાસણા તેમજ અર્બનમાંથી કેસો મળવા ઉપરાંત દેલવાડા ગામેથી પણ બે કેસ મળી આવ્યા છે.

કલોલ તાલુકામાં બોરીસણા, પાનસર અને સોજા ગામેથી કેસો મળી આવ્યા છે. આ ઉપરાંત કલોલ અર્બન-૧ વિસ્તારમાંથી ૩ કેસ મળી આવ્યા છે. કલોલમાં કોરોનાના કેસોએ પુનઃ માથુ ઉંચક્યુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા કેસો પૈકી આજે વધુ ૧૭ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૩૨૧૬ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લામાં હાલ ૨૫૦ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૧૧,૯૩૭ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૧૦૦ થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં કોરોના વેક્સીન માટે પાંચ સ્થાનો પર સ્ટોરેજની વ્યવસ્થા કરાઈ

**વેક્સીનેશન માટેની તૈયારીઓ મનપા તંત્રએ પૂરી કરી લીધી : સર્વેની કામગીરી અંતિમ ચરણમાં**

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેરમાં કોરોના વેક્સીનેશન અંગે મનપાના તંત્ર દ્વારા તૈયારીઓ પૂરી કરી દેવામાં આવી છે.

મનપા દ્વારા આવનારી વેક્સીન માટે પાંચ જગ્યાએ તેના સ્ટોરેજ માટેની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. ચાર અર્બન હેલ્થ સેન્ટર ઉપરાંત ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે આ માટે ખાસ વેક્સીન સ્ટોર ઉભા કરવામાં આવેલ છે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે મનપા પાસે હાલ ૬ ILR ફ્રીજ, ૬ ડીપ ફ્રીજ, ૩૦૦ વેક્સીન કેરિયર, ૬ કોલ્ડ બોક્સ ઉપલબ્ધ છે.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે પ્રથમ રાઉન્ડમાં ૪૧૦૦ જેટલા કોરોના વોરિયર્સને રસીકરણ માટે આવરી લેવામાં આવશે. શહેરમાં ૫૦ થી વધુ વય ધરાવતા ૫૫ હજાર જેટલા નાગરિકો છે તેમની યાદી પણ તૈયાર કરી દેવામાં આવી છે. ફ્રન્ટલાઈન કોરોના વોરિયર્સની યાદી પણ એક-બે દિવસમાં આખરી કરી દેવામાં આવશે.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે ૫૦ થી નીચેની વયના કો મોર્બિડ દર્દીઓ માટેના સર્વેની કામગીરી હાલ હાથ ઉપર છે. ૭૦ ટકા જેટલી કામગીરી આ સંદર્ભે આજ સુધીમાં સંપન્ન થઈ છે. લગ્નસરાની સિઝનને પગલે સર્વેમાં થોડોક વિલંબ થયો છે પરંતુ આ કામગીરી પણ બે દિવસમાં પુરી કરી દેવામાં આવશે.

વેક્સીનેશન માટે ભારત સરકાર દ્વારા અપાયેલ દ્વિ દિવસીય તાલિમ આજે પૂર્ણ થઈ ગઈ છે હવે આગામી દિવસોમાં આ અંગે અન્ય કર્મચારીઓને તાલિમ આપવાનું આયોજન પણ તૈયાર કરવામાં આવી રહ્યું છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાના વેક્સીનેશન માટેની સંપૂર્ણ તૈયારીઓ તંત્ર દ્વારા પુરી કરી દેવામાં આવી છે. આ સૂત્રોએ જણાવ્યુ છે કે ગાંધીનગર શહેરમાં કોરોનાના કેસોમાં એ સિમ્ટોમેટીક કેસ વધારે મળ્યા છે. શહેરનું તંત્ર પરિસ્થિતિ પર સંપૂર્ણ સતર્કતા સાથે નજર રાખી રહેલ છે.

# રીલાયન્સ ચોકડીથી ઈન્ફોસીટી માર્ગ વચાળે ગાબડા વાહનચાલકો માટે જોખમ

**માર્ગ વચાળે જ સ્ટોર્મ વોટર લાઇનના તુટેલા ઢાંકણના લીધે ભયજનક સ્થિતિ : હાલ વૃક્ષોની ડાળીઓની આડશ કરી ગાબડા પુરવામાં આવ્યા છે**

ગાંધીનગર તા ૧૩

રીલાયન્સ ચોકડીથી ઈન્ફોસીટી તરફ જવાના માર્ગ પર માર્ગ વચાળે જ જોખમી ગાબડા જોવા મળી રહ્યા છે. સ્ટાર્મ વોટર લાઈનની ચેમ્બરના ઢાંકણો તુટી જતા માર્ગ પર ડગલે ને પગલે જોખમી સ્થિતિ જોવા મળી રહી છે. હાલ આ ભયજનક સ્થિતિને નિવારવા માટે સ્થાનિકો દ્વારા વૃક્ષોની ડાળીઓ મુકી દેવામાં આવી છે. તંત્ર દ્વારા ત્વરિત અસરથી આ જોખમી ગાબડા દુર કરવા માટે પગલા લેવાય તેની અનિવાર્યતા છે.

શહેરમાં વરસાદી પાણીના નિકાલની લાઈન નાંખવા માટે કોર્પોરેશને આડેધડ ખોદકામ કર્યા બાદ હજુ પણ કેટલાક ઠેકાણે સેકટરોના આંતરિક વિસ્તારમાં માર્ગો પર પથરાયેલી માટી વચ્ચે ઉબડ ખાબડ સ્થિતિ જોવા મળી રહી છે. વરસાદી પાણીના નિકાલની લાઈનના ખોદકામ અને ત્યારબાદ ચેમ્બરને ઢાંકવા માટે લગાવાતા ઢાંકણો અનેકવાર તુટી જતા હોવાની ફરિયાદો પણ ઉઠવા પામે છે. આ સ્થિતિ વચ્ચે વાહનચાલકો માટે ખતરો ઉભો થાય છે. પાંચ સાત વર્ષ અગાઉ નગરના ગ માર્ગ પર વચાળે સ્થિત સ્ટોર્મ વોટર લાઈનની તુટેલી ચેમ્બરના લીધે અકસ્માતોનો સિલસિલો સર્જાયો હતો જયારે અનેક લોકો આ જોખમી સ્થિતિનો શિકાર બન્યા હતા. જયારે હાલ શહેરના પ્રવેશદ્વારને જોડતા ઈન્ફોસીટી થી રીલાયન્સ ચોકડી સુધીના માર્ગ વચ્ચે પણ આવી જ સ્થિતિ છે.

આ માર્ગ પર સ્ટોર્મ વોટર લાઈનની ચેમ્બર તુટેલી હાલતમાં જોવા મળે છે. જેના લીધે માર્ગ પર વાહનચાલકો માટે ખતરો ઉભો થયો છે. આ ભયજનક ગાબડાના લીધે વાહનચાલકો અકસ્માતને પણ ભેટી રહ્યા છે. માર્ગ વચાળે સ્થિત ગાબડાને પુરવા માટે સ્થાનિકો દ્વારા વૃક્ષોની ડાળીઓ મુકી દેવામાં આવી છે. તંત્ર દ્વારા ત્વરિત અસરથી આ ભયજનક ખાડા પુરવા માટે કામ હાથ ધરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

# રાજ્યમાં વરસાદ અને કાતિલ ઠંડીની આગાહી

**આજે પણ દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં વરસાદની હવામાન વિભાગ દ્વારા આગાહી**

ગાંધીનગર,તા.૧૩

રાજ્યમાં કમોસમી વરસાદથી ખેડૂતો ચિંતિત છે. ત્યારે સતત ચોથા દિવસે હવામાન વિભાગે વરસાદની આગાહી કરી છે. ઉત્તરપૂર્વ રાજસ્થાન અને તેની આસપાસ વેસ્ટર્ન ડિસ્ટબર્ન્સથી સર્જાયેલા સાયક્લોનિક સર્ક્યુલેશનને પગલે દક્ષિણ ગુજરાતમાં સતત ચોથા દિવસે કમોસમી વરસાદની સ્થિતિ યથાવત્ રહેતા ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. આ સાથે હવામાન વિભાગે આજે પણ દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં વરસાદની આગાહી કરેલી છે.

રાજસ્થાનમાં સર્જાયેલા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે સમગ્ર રાજ્ય પર તેની અસર જોવા મળી રહી છે. પવનની દિશા બદલાતા ઠંડીમાં પણ વધારો થશે. રાજસ્થાનમાં સક્રિય થયેલા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે અમદાવાદ સહિત સમગ્ર રાજ્યના વાતાવરણમાં પલટા સાથે માવઠું થયું છે. નલિયા અને ડીસા જેવાં શહેરોનું તાપમાન ૧૦ ડિગ્રી નીચે જતાં રાજ્યમાં કાતિલ ઠંડીની શરૂઆત થશે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય છે જેને લીધે રાજ્યના વાતાવરણમાં પલટા સાથે માવઠું થયું છે. હજુ આગામી ૨૪ કલાક રાજ્યના વિવિધ વિસ્તારોમાં વાદળછાયા વાતાવરણ વચ્ચે વરસાદી માહોલ રહેશે. ૧૩ ડિસેમ્બરથી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ગુજરાત પરથી આગળ વધી જશે, જેના કારણે સોમવારથી રાજ્યમાં મોટાભાગના શહેરોમાં કાતિલ ઠંડી પડવાની શરૂઆત થશે.

# ઠંડીના દિવસોમાં સામાન્ય શરદી થાય તો કોરોના થવાની શકયતા વધી જાય

**શરદી થઇ હોય ત્યારે કોરોનાનુ સંક્રમણ લાગવાની સંભાવના વધુ : કોરોનાથી બચવા ત્રણ દિવસ સુધી આઇસોલેશનમાં રહેવુ હીતાવહ : ડો. રમેશ પટેલ**

ગાંધીનગર તા ૧૩

શિયાળાની ઠંડીના દિવસોમાં સામાન્ય શરદી થઈ હોય તેવા કિસ્સામાં કોરોનાનુ સંક્રમણ લાગવાની શક્યતા વધી જાય છે. જયારે ઠંડીના દિવસોમાં કોરોનાનો કહેર વધી રહ્યો છે. ત્યારે સામાન્ય શરદી થઈ હોય તો પણ ત્રણ દિવસ સુધી ઘરમાં જ રહેવુ હીતાવહ હોવાનો તબીબી મત છે. શરદી થઈ હોય ત્યારે સંક્રમણ ઝડપથી લાગી જાય છે. માટે ઠંડીના દિવસોમાં નાગરિકોએ ડર રાખ્યા વિના કોરોનાથી બચવા માટે વિશેષ સતર્ક રહેવાની અનિવાર્યતા છે.

કોરોનાની મહામારીએ કાળોકેર વર્તાવ્યો છે. દિવાળી બાદ ઠંડીની સિઝન પીક થતા કોરોનાના કેસમાં અચાનક જ ઉછાળો આવતા આરોગ્ય વિભાગની ચિંતા ઘેરી બની છે. જો કે હવે ધીમે ધીમે કોરાનાના કેસમાં ઘટાડો થતા સરકારે પણ થોડી રાહત અનુભવી છે. આવા સંજોગોમાં બદલાતા વાતાવરણની અસરથી પણ સંક્રમણ વધુ ફેલાતુ હોવાનો તબીબી અભિપ્રાય છે. હાલ ઠંડીના દિવસો શરૂ થઈ ગયા છે. જયારે આગામી દિવસોમાં વધુ ઠંડી પડશે. કોરોનાના સંક્રમણને પ્રસરવા માટે કાતિલ ઠંડીની ઋતુ ફેવરેબલ બને તેમ છે. અલબત્ત ઠંડીની સિઝનમાં દરવર્ષે શરદી ઉધરસના દર્દીઓની સંખ્યા વધતી હોય છે. જયારે શરદી થઈ હોય તેવા વ્યકિતને કોરોનાના ચેપ ઝડપથી લાગી શકે છે. શરદી હોય તેવા કિસ્સામાં વ્યકિતએ ત્રણ દિવસ સુધી આઈસોલેશનમાં રહેવુ જ સલાહભર્યુ છે. જેથી બહાર નિકળતા અન્ય સંક્રમિતના સંપર્કમાં આવતા કોરોના થવાનુ જોખમ ટાળી શકાય છે.

ડો રમેશ પટેલે આ અંગે જણાવ્યા મુજબ ઠંડીના દિવસોમાં આમ પણ શરદી ઉધરસના દર્દીઓ વધે છે. જયારે શરદી થઈ હોય તેવા કીસ્સામાં દર્દી બહાર નિકળે અને કોઈ સંક્રમિત વ્યકિતના સંપર્કમાં આવે તો તુરંત જ કોરોનાનુ સંક્રમણ લાગી જવાની સંભાવના અત્યંત વધી જાય છે. જેથી શરદી થઈ હોય તેવા સંજોગોમાં પણ શિયાળા દરમિયાન ત્રણ દિવસ ઘરમાં રહેવુ જ વધુ સલાહભર્યુ છે. જેથી કોરોના થવાની શકયતા પણ ઘટી જાય છે. જયારે આવા સંજોગોમાં અન્ય લક્ષણ જણાંય તો ત્વરિત રીપોર્ટ પણ કરાવી લેવો જોઈએ તેમ પણ તેમણે જણાંવ્યુ હતુ. ઠંડીના સિઝનમાં વેન્ટીલેશન પણ યોગ્ય રીતે જળવાતુ નથી બારી બારણાં બંધ હોવાથી એક સંક્રમિત વ્યકિત અન્ય માટે ઝડપથી કેરિયર બનવાનુ કામ કરે છે.



વાદળછાયું વાતાવરણ - પાટનગરમાં સાંજે વધુ એક વાતાવરણ પલટાયું હતું... બપોરના સમય સુધી સૂર્યનો તડકો અનુભવાતો હતો... પરંતુ સાંજે ફરીથી વાદળો શહેરના આકાશમાં છવાયા હતા... વારંવાર પલટાતું વાતાવરણ સ્વાસ્થ્ય માટે હાનિકારક બની શકે છે... અને રોગચાળાની શક્યતા પણ વર્તાય છે...

# સે-૪ બી પાસે હડમતિયા તરફના માર્ગ પર ખાડા ટેકરાથી વાહનચાલકો પરેશાન

**માર્ગ પરની ઉબડ ખાબડ સ્થિતિ નિવારવા માટે સ્થાનિકોની રજુઆત**

ગાંધીનગર તા ૧૩

શહેરમાં વરસાદી દિવસોના અંતે ગાબડા પુરાણના અંતે પણ માર્ગો પર માટી પથરાયેલી જોવા મળે છે. જેના લીધે માર્ગ પર કેટલાક ઠેકાણે ઉબડ ખાબડ સ્થિતિ સર્જાઈ છે. સે-૪ પાસે હડમતિયા તરફ જવાના માર્ગ પર આવી જ સ્થિતિ છે. માર્ગ વચાળે ખાડા ટેકરાના લીધે વાહનચાલકો અનેકવાર અકસ્માતનો ભોગ બને છે. સ્થાનિકોએ આ માર્ગને સમથળ કરવા માટે યોગ્ય ડામર કામ હાથ ધરાય તેવી માંગણી પણ કરી છે.

શહેરમાં વરસાદી દિવસોના અંતે પણ માર્ગો પર હજુ ગાબડા યોગ્ય રીતે પુરાયા ન હોવાનુ ધ્યાને આવી રહ્યુ છે. સેકટરોમાં સ્ટાર્મ વોટર લાઈનના ખોદકામ બાદ પણ સેકટરોમાં ઠેર ઠેર ખાડા ટેકરાની સ્થિતિ જોવા મળી હતી. વરસાદી દિવસો દરમિયાન સેકટરો જાણે ખાડામાં ગરકાવ થઈ ગયા હોય તેમ સ્પષ્ટ થયુ હતુ જયારે દિવાળી પુર્વે કોર્પોરેશનની ટીમે અભિયાન હાથ ધરી મોટાભાગના ઠેકાણે આ ગાબડા પુરાણ હાથ ધર્યુ હતુ. પરંતુ હાલની સ્થિતિએ પણ સેકટરોના આંતરિક માર્ગો પર ગાબડા પુર્યા હોય તેવા ઠેકાણે માટી પથરાયેલી જોવા મળે છે. ડામર રસ્તાઓ પર આ ઉબડ ખાબડ સ્થિતિના લીધે વાહનચાલકો પરેશાન થાય છે. હાલ શહેરના સે-૪ પાસે હડમતિયા તરફ જવાના માર્ગ પર આ પ્રકારની સ્થિતિ છે. જેના લીધે વાહનચાલકો પછડાય છે. માર્ગ વચાળે અમુક ભાગ ઉબડ ખાબડ બની ગયો હોવાથી દ્રીચક્રી વાહનચાલકોનુ સમતોલન રહેતુ નથી આ જોખમી સ્થિતિને નિવારવા માટે ત્વરિત પગલા લેવાય તેવી પણ સ્થાનિકોએ રજુઆત કરી છે. આ ઠેકાણે ત્વરિત અસરથી ડામર કામ હાથ ધરીને માર્ગને યોગ્ય કરવા જણાંવાયુ છે. રાત્રિના સમયે આ માર્ગ પર ઘણીવાર લાઈટો પણ ડુલ રહે છે. જયારે સે-૪ અને સરગાસણ સહીતના વિસ્તારમાંથી આ માર્ગ પર વાહનોની વધુ અવરજવર રહેતી હોવાના લીધે અકસ્માત થવાનો પણ ખતરો રહે છે. જેથી ત્વરિત આ માર્ગને સમથલ કરવા અને ગાબડાને પુરવા માટે તંત્રને રજુઆત કરી છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com